## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી, ગેસ ડીઝલ પેટ્રોલનાં તો ભાવ સતત વધે છે તો જી.ડી.પી. કેમ ઘટે છે...?

### શહેરમાં ડહોળા પાણીની સમસ્યાને મુદ્દે

# સે. ૨૪ની મહિલાઓએ મેયરની ઓફિસનો ઘેરાવો કર્યો

## સે. ૨૪ની બી.એસ.એન.એલ. કોલોનીમાં પાણીથી ૨૫ થી ૩૦ વ્યક્તિઓ બિમાર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની સમસ્યા હવે વધુ વિકરાળ બની રહી છે. સે. ૨૪-૨૫માં તો લોકો બિમાર પડવા લાગ્યા છે. પાણીનો ફોર્સ પણ આવતો નથી. મેયર રીટાબેન પટેલે મોટી જાહેરાત કરી હતી પરંતુ પાણી પુરવઠા વિભાગે ઉપરથી સાત એમ.એલ.ડી. જથ્થો ઓછો ઉપાડવાનું વલણ ચાલુ રાખતાં હવે તંત્રની સામે લોકોમાં પણ રોષની લાગણી ઉભી થવા પામી છે.

આજે સેક્ટર-૨૪ની બહેનોએ મેયર રીટાબેન પટેલની ઓફિસ જઈ ઘેરાવ કરી અને રામધૂન બોલાવી હતી તેમજ તાકીદે આ પ્રશ્ન ઉકેલવા માંગ કરી હતી.

કોંગ્રેસ કાઉન્સીલર અંકિત બારોટના નેતૃત્વમાં આ મહિલાઓએ મ્યુનિ. કમિશ્નરશ્રીને પણ રૂબરૂ મળી રજુઆત કરી હતી. આ મહિલાઓએ એવી ચીમકી આપી હતી કે અમારી રજુઆતનો સકારાત્મક ઉકેલ નહિ આવે તો અમારે ના છૂટકે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

કોંગી કાઉન્સીલર અંકિત બારોટે પણ તંત્રની નિષ્ફળતા અંગે આક્ષેપો કરતાં કહ્યુ હતુ કે વાતો મોટી હોય છે પણ વાસ્તવિકતા જુદી છે. ભાજપની કથની અને કરનીમાં તફાવત છે. પાણીની વિકટ સમસ્યા અંગે મેયરે જવાબદારી નૈતિક રીતે સ્વીકારી રાજીનામુ આપી દેવુ જોઈએ તેવી માંગ પણ બારોટે કરી છે.

દરમ્યાન સે. ૨૪માં આવેલ બી.એસ.એન.એલ. કોલોનીમાં પીવાના પાણી સાથે ગટરનું પાણી ભળી જતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ કોલોનીમાં જ ૨૫ થી ૩૦ લોકો બિમાર પડી ગયા છે.

એક જ પરિવારના ત્રણ સભ્યોને સારવાર માટે દાખલ કરવામાં આવ્યાના પણ અહેવાલ છે. કોલોનીના સભ્યોએ આ મુદ્દે તંત્ર સમક્ષ રજુઆત કરી હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી.

ગાંધીનગર શહેરમાં ડહોળા પાણીની સમસ્યાને પગલે હવે નગરજનો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પરિસ્થિતિનો જો ઝડપથી ઉકેલ નહિ આવે તો શહેરમાં આંદોલનની શક્યતા પણ નકારી શકાતી નથી.

## ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે અરજદારોની લાંબી લાઈનો લાગી

### વિજપુરવઠો ખોરવાઈ જતા અને સર્વર ડાઉન થતા અરજદારોને કલાકો સુધી લાઈનનો સામનો કરવો પડ્યો

ગાંધીનગર,તા.૧૭

તાજેતરમાં નવા સુધારાયેલા મોટર વ્હીકલના નિયમો લાગુ કરવાની સાથે જ આરટીઓમાં અરજદારોની લાંબી લાઈનો લાગી છે. આરટીઓ કચેરી ખાતે લાયસન્સ, નંબરપ્લેટ, સહિતના કામમાટે અરજદારો મોટી માત્રામાં આવી રહ્યા છે. ત્યારે આજે સવારે કચેરીના સમયે જ આરટીઓમાં વિજપુરવઠો ખોરવાઈ ગયો હતો. એક તરફ લર્નીગ અને પાકા લાયસન્સ માટે અરજદારો ઓનલાઈન એપોઈન્મેન્ટ લઈને આરટીઓ ઓફીસે આવ્યા હતા.ત્યારે વિજપુરવઠો ખોરવાઈ જતા લાયસન્સની કામગીરી ઠપ થઈ ગઈ હતી. થોડીવારમાં વિજપુરવઠો કાર્યરત થઈ ગયો હતો. તેવા સમયે સર્વરના પ્રશ્નો ઉભા થયા હતા. જેને પગલે આ લાયસન્સની કામગીરી અટવાઈ ગઈ હતી. વિજળી અને સર્વરના પ્રશ્નના કારણે આજે આરટીઓમાં લાયસન્સની કામગીરીમાં ભારે વિલંબ થયો હતો. જેને પગલે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈને આવતા અરજદારોને પણ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવાની ફરજ પડી હતી.





ગાંધીનગરના જાણીતા ઉદ્યોગિક ગૃહ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન ખાતે વિશ્વકર્મા જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે યોજાયેલી પૂજામાં પોડક્શન હેડ ધર્મેશભાઈ મહંત બેઠા હતા. આ ઉપરાંત કંપનીના ઉચ્ચ અધિકારીઓ ડી.એસ. ગાંધી, ડી.બી. પટેલ, કમલકિશોર જૈન, પ્રવિણસિંહ અને એમ.એચ. પટેલે ખાસ ઉપસ્થિત રહી કર્મચારીઓને સંબોધન કર્યુ હતુ. કંપનીના તમામ કર્મચારીઓની ઉપસ્થિતિ વચ્ચે સમગ્ર વર્ષ દરમ્યાન બેસ્ટ પર્ફોમન્સ તથા બેસ્ટ પ્રેઝન્સના ઈનામો આપવામાં આવ્યા હતા. રંગોળી સ્પર્ધા પણ યોજાઈ હતી. કર્મચારીઓ માટે વિવિધ રંગારંગ કાર્યક્રમોના આયોજન બાદ દરેક કર્મચારીને મિઠાઈ વહેંચવામાં આવી હતી.

# સેકટર-૧૭ માં ઉભરાતી ગટરથી વેપારીઓ ત્રસ્ત

### ગટરના ગંદા પાણી સરકારી હોમ કેર બોઈઝ સુધી પહોંચ્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઉભરાતી ગટરોની સમસ્યા સામે આવી રહી છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા નાગરીકો હેરાન પરેશાન થઈ જાય છે. એક તરફ ચોમાસાની સિઝનને પગલે કાદવ-કિચડ અને ખદબદતી ગંદકી વચ્ચે ગટરોના પાણી વહેતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામે છે. ત્યારે શહેરના સેકટર-૧૭ શોંપીગ સેન્ટરની પાછળ એક ગટર છેલ્લા કેટલાક દિવસોથી ઉભરાઈ રહી છે. ગટરના ગંદા પાણી સેકટર-૧૭ સરકારી હોમ કેર બોઈઝ સુધી પહોંચી જાય છે. જેથી ઉભરાતી ગટરના પાણી સત્વરે બંધ થાય તેવી સ્થાનિક વેપારીઓ અને પ્રજાજનોમાં માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર શહેરના સેકટર-૧૭ મુખ્ય શોંપીગ સેન્ટરની પાછળની (ધોબીઘાટ પાસે) બાજુએ આવેલી ગટર છેલ્લા ગણા સમયથી ઉભરાય છે. આ ગટરના ગંદા પાણી સરકારી હોમ કેર બોઈઝ સુધી પહોંચ્યા છે. ગટરના પાણીને પગલે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. તો બીજીતરફ સતત ઉભરાતી ગટરને પગલે આ વિસ્તાર ગંદકીથી ખદબદે છે. મોં પર રૂમાલ રાખવાની ફરજ પડે છે. જયારે ચોમાસાની સિઝનને પગલે કાદવ-કિચડ પાણી ભરાયેલા નજરે પડે છે. ત્યારે ગટરોના ગંદા પાણી વહેતા નાગરીકો અને સ્થાનિક વેપારીઓ માટે મુશ્કેલીરૂપ સાબિત થાય તેમ છે. ગંદા પાણીને પગલે મચ્છરોના ઉપદ્રવને પગલે આ વિસ્તારમાં બેસી પણ શકાતું નથી. શહેરમાં એક તરફ રોગચાળો બેકાબુ બની રહ્યો છે. મેલેરીયા, ટોઈફોઈડ અને ડેન્ગ્યું સહિતના રોગ માથુ ઉંચકી રહ્યા છે. ત્યારે સેકટર-૧૭ શોંપીગ સેન્ટરની પાછળના ભાગે આવેલી ગટર ઉભરાતી બંધ થાય તેવી માંગ નાગરીકોમાં પ્રબળ બની છે.



પેથાપુર નગરપાલિકા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નર્મદા નીરના વધામણાં કરવામાં આવ્યા હતા. નર્મદા નીરના વધામણાંમાં નગરપાલિકાના ચૂંટાયેલા ભાજપી આગેવાનો રાજેન્દ્રસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, રણજીતસિંહ વાઘેલા, અનિલસિંહ વાઘેલા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા વગેરે જોડાયા હતા.

## ચારધામની યાત્રા સંપન્ન થતાં જ શ્રદ્ધાળુ મહિલાએ ‘‘સ્વધામ’’ની વાટ પકડી..!!

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ શ્રદ્ધાળુઓમાં ચાર ધામની ધાર્મિક યાત્રાનું મહત્વ સૌથી અદકેરૂ ગણાય છે. વળી, અત્યારે શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે અને શ્રાદ્ધપક્ષમાં પિતૃઓનું તર્પણ કરવામાં આવે છે જેને પોતાના સ્વજનોમાં આત્માની સદ્‌ગતિ માટેની શ્રેષ્ઠ પદ્ધતિ માનવામાં આવે છે. આ પવિત્ર સમયમાં શહેરના સેક્ટર-૩-એ ના એક મહિલા શ્રદ્ધાળુએ ચારધામની યાત્રા દરમ્યાન પિતૃ તર્પણ સહિતક તમામ ધાર્મિક વિધિ સંપન્ન કરવા સાથે યાત્રાના સમાપને પવિત્ર બદ્રીનાથ ભગવાનની શરણમાં પોતાનો દેહત્યાગ કરી ‘સ્વધામ’ની વાટ પકડી છે.

શહેરમાંથી કનૈયાલાલ પંડ્યા દ્વારા ચારધામની યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં શહેરના અનેક શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ યાત્રામાં સેક્ટર-૩-એના પ્લોટ નં. ૫૨/૧ ખાતે રહેતા રમેશચંદ્ર રતિલાલ દવે અને તેમના ધર્મપત્નિ પ્રતિમાબેન દવે જોડાયા હતા. ચારધામ યાત્રાના અંતિમ પડાવ બદ્રીનાથજી ખાતે દર્શન કર્યા બાદ ગત તા. ૧૬મી સપ્ટેમ્બરે રાત્રે ૨ કલાકે પ્રતિમાબેન દવેનું અવસાન થવા પામ્યું હતું. યાત્રા દરમ્યાન પ્રતિમાબેન દવેએ પિતૃ તર્પણ જેવી વિધિઓ તથા ભાગવદ્ કથાનું શ્રવણ વગેરે સંપન્ન કર્યુ હતુ અને પવિત્ર દેવભૂમિમાં દેહત્યાગ કરી ‘સ્વધામ’ની વાટ પકડી હતી. સ્વ-પ્રતિમાબેન દવેના અંતિમ સંસ્કાર પણ પવિત્ર યાત્રાધામ બદ્રીનાથ ખાતે જ સંપન્ન કરવામાં આવી હતી.

## ચિલોડા મોટા ખાતે નમામિ દેવી નર્મદે નીરના વધામણા અને પ્લાસ્ટિક મુક્ત ભારત મહોત્સવની ઉજવણી

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા તથા ગિયોડ ગામે ગુજરાતના પનોતા પુત્ર, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૯મા જન્મદિન નિમિત્તે નમામિ દેવી નર્મદે મહોત્સવ પ્લાસ્ટિક મુક્ત ભારતના સંકલ્પ અંતર્ગત ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા સરપંચ શ્રીમતી વસુમતીબેન પટેલના અધ્યક્ષસ્થાને નર્મદા નીરના વધામણા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં સૌ પ્રથમ મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહાનુભાવો તરીકે ડૉ. પિયુષભાઈ પટેલ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, લલિતસિંહ યાદવ પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય, એસ.પી. ઠાકોર, હસમુખભાઈ કે. પટેલ વકીલ, કાળુસિંહ રાઠોડ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ, નાથુભાઈ ચૌધરી, ડૉ. કામિનીબેન વ્યાસ, ડૉ. બિંદિયાબેન પટેલ, ગોવિંદજી સોલંકી, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, નટુભાઈ પટેલ પત્રકાર, ગ્રામ પંચાયતના સદસ્યો, મંડળીના હોદ્દેદારો, ગામ આગેવાનો, પ્રાથમિક શાળાના શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સર્વે મહેમાનોનું ફૂલછડીથી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ.

ત્યારબાદ ડૉ. પિયુષ પટેલે નમામિ દેવી નર્મદે તથા પ્લાસ્ટિક મુક્ત ભારત વિશે ઉદબોધન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં નર્મદાના નીરના વધામણા અંતર્ગત શાળાની બાલિકા અને મહેમાનોના હસ્તે શ્રીફળ અને ચુંદડી અર્પણ કરી શાસ્ત્રીજી રાજેન્દ્રભાઈ રાવલ દ્વારા પૂજા-અર્ચના કરાવી હતી. આ પ્રસંગે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા વિનામુલ્યે સર્વેરોગ આયુર્વેદ સારવાર કેમ્પ અને હોમિયોપેથિક સારવાર કેમ્પ દ્વારા ઉકાળા અને દવાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સાથે સાથે વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવા વિદ્યાર્થીઓ દ્વારા રેલી સાથે સામુહિક પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.





નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ગાંધીનગર, ભાટ લાયન્સ કલબ તથા હેલ્થ એન્ડ વેલનેસ ટુરીઝમ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રધ્ધાદીપ બ્લડ બેંક દ્વારા નવ યુવાનોના કુલ ૮૫ યુનિટ બ્લડ જમા કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ અને વોલન્ટયર્સનો મહત્વનો ફાળો રહ્યો હતો.

## પંચાયતના જુના મકાનો બિનઉપયોગી જાહેર કરતાં પહેલાં સરકારની સૂચનાઓ જુઓ : ડીડીઓ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના જુના-જર્જરિત મકાનોને ડિસ્મેન્ટલ જાહેર કરવામાં તંત્ર નાણાં વિભાગના પરિપત્રનો અભ્યાસ કરી આગળ વધે તેવી કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારીએ કરી છે.

આજે બપોર બાદ વિવિધ શાખાના કર્મયોગીઓની બોલાવેલી બેઠકમાં તેમણે જણાવ્યુ હતુ કે પરિપત્રો સરકારમાંથી આવે તેનો અભ્યાસ કરી અને પ્રશ્નોના ઉકેલની દિશામાં આગળ વધવુ જોઈએ. તેમણે તંત્ર વધુ પ્રજાભિમુખ બને તેના પર ભાર મુકતાં જણાવ્યુ હતુ કે ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો હજુ જેમના તેમ સ્થિતિમાં છે તે યોગ્ય લેખી શકાય નહિ. જિલ્લા વિકાસ અધિકારી રાવલે રેકર્ડ વર્ગીકરણની બાબતમાં પણ પુરતી કાળજી અને ચોકસાઈ કર્મચારીઓ દાખવે તેના પર ભાર મુક્યો હતો. જિલ્લામાં ૧૪મા નાણાંપંચના ચાલી રહેલા વિકાસ કામોના અસરકારક મોનીટરીંગનો આગ્રહ કરી જણાવ્યુ હતુ કે તેની નિયત સમયમર્યાદામાં જ આ કામો પૂર્ણ થવા જોઈએ. ગુણવત્તા સાથે બાંધછોડ ન થાય તે પણ મોનીટરીંગમાં જોવુ જોઈએ.

ઓડિટ પેરા, રૂર્બન પ્રોજેક્ટ, સ્વચ્છતા અભિયાન સહિત વિવિધ મુદ્દાઓ પર તેમણે કર્મયોગીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યુ હતુ કે સમયબદ્ધ આયોજન અને સાથે સાથે સમયબદ્ધ ફાઈલ નિકાલની પદ્ધતિનો અમલ કરવામાં આવે તે જરૂરી છે.

## જિલ્લા કક્ષાની જુડો સ્પર્ધામાં લીંબોદરા સ્કૂલનું ‘ધોબી પછાડ’ પરફોર્મન્સ

### શાળાની દિકરીઓએ ૪ ગોલ્ડ સાથે ૨૩ મેડલ્સ અને દિકરાઓએ ૩ ગોલ્ડ સાથે ૭ મેડલ્સ જીત્યા : ગ્રામ્ય વિસ્તારની ૧૧ શાળાઓ પૈકી લીંબોદરાની ટીમે એકલીએ ૩૦ મેડલ્સ જીતી લીધા

ગાંધીનગર, તા.૧૭

રાજયભરમાં હાલ જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ ચાલી રહ્યો છે. જેમાં બાળકો વિવિધ રમતોમાં તેમનું કૌવત દેખાડી રહ્યા છે. ગાંધીનગર જિલ્લાની લીંબોદરાની પી.પી.આર.શાહ હાઈસ્કૂલના બાળકોએ જુડોની રમતમાં યશસ્વી દેખાવ કરવા સાથે ૭ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૧૫ બ્રોન્ઝ મેડલ્સ મળીને કુલ ૩૦ મેડલ્સ સાથે સપાટો બોલાવી દીધો છે. આ શાળાના બાળકોએ વિવિધ કેટેગરીમાં મળીને જિલ્લાની ૧૦ શાળાઓના ખેલાડીઓને ધોબી પછાડ આપી છે.



તાજેતરમાં પેથાપુરના નગરપાલિકા હોલ ખાતે યોજાયેલી ગાંધીનગર જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભની જુડો સ્પર્ધામાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ૨૦૦થી વધુ બોયઝ અને ૧૫૦થી વધુ ગર્લ્સે ભાગ લીધો હતો. તા. ૧૧મી સપ્ટેમ્બરે બોયઝની સ્પર્ધા જયારે તા. ૧૨મી સપ્ટેમ્બરે ગર્લ્સની સ્પર્ધા યોજાઈ હતી. બંને વિભાગની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની લીંબોદરાની પી.પી. શાહ હાઈસ્કૂલના સ્પર્ધકો છવાઈ ગયા હતા. સ્પર્ધાના અલગ અલગ વય જુથ અને વજન જુથમાં આ સ્પર્ધકોએ મેડલ્સ જીત્યા હતા જેમાં બોયઝે ૩ સુવર્ણ ચંદ્રક, ૧ રજત ચંદ્રક અને ૩ કાંસ્ય ચંદ્રક સાથે કુલ ૭ મેડલ્સ જીત્યા હતા જયારે ગર્લ્સ ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ૪ સુવર્ણ ચંદ્રક, ૭ રજત ચંદ્રક અને ૧૨ કાંસ્ય ચંદ્રક સાથે કુલ ૨૩ મેડલ્સ અંકે કરી રીતસર સ્પર્ધામાં સોંપો પાડી દીધો હતો. આ તમામ બાળોકને શાળાના વ્યાયામ કોચ વિશાલ થોરાતે તાલીમ આપી હતી. તમામ વિજેતા બાળકો તથા કોચને શાળાના આચાર્ય તેજસિંહ પરમાર સહિત સમગ્ર સ્ટાફે અભિનંદન વર્ષા કરી હતી તથા રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે વડાપ્રધાનના જન્મદિવસ નિમિતે વૃક્ષારોપણ અને કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયેલ. જેમાં મુખ્ય અતિથી તરીકે બી.આર. સોલંકી,ગાંધીનગર અને એન.એસ. પટેલ, ઈફ્‌ફકો, ગુજરાત ઉપસ્થિત રહેલ તેમજ ખેડૂત ભાઈઓ બહેનોને પર્યાવરણના જતન માટે વૃક્ષોનું મહત્વ, વનવિભાગની વિવિધ યોજનાઓ, જમીન સ્વાસ્થ્ય, જળ સંરક્ષણ અને જૈવિક ખાતરોની અગત્યતા જેવા વિષયો પર માર્ગદર્શન આપેલ. આ કાર્યક્રમમાં ખેડૂતોને એગ્રો ફોરેસ્ટ્રી અને ફળ-ઝાડના રોપાઓનું વિતરણ કરવામાં આવેલ સાથે સાથે ઈફકો દ્વારા જૈવિક કલ્ચર પણ આપવામાં આવેલ.

### ટેન્ડર નોટીસ

જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ હિંમતનગરના ડેન્ટર વિભાગમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે મટેરિયલ તેમજ સાધનોની ખરીદી કરવાની થતી હોઈ, સીલબંધ કવરમાં સંસ્થા, વેપારી ને પેઢી પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ કામકાજના દિવસોમાં તા. ૧૮/૯/૨૦૧૯ થી તા. ૨૩/૯/૨૦૧૯ સુધી સવારના ૯.૦૦ થી ૧૭.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફી રૂ. ૫૦૦/- ભરી મેળવી લેવાના રહેશે. ફોર્મ ભરી તા. ૩૦/૯/૨૦૧૯ સુધીમાં રજીસ્ટર પોસ્ટ મારફતે મોકલી આપવાના રહેશે.

સહી/-
તબીબી અધિક્ષક
જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ
હિંમતનગર

નામાનિ/હિંમત/૨૪૪/૧૯